**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.

નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૩/૩૪૮૨ તા.૦૪/૦૬/૨૦૨૩

પરિપત્ર-૩૩૮૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને/પી.જી ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, ૫ જુન સમગ્ર વિશ્વમાં પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પર્યાવરણના જતન માટે અને ધરતી પર વધી રહેલ ગ્લોબલ વોર્મિંગની અસરને ટાળવા માટે પર્યાવરણને અનુકૂળ અને વધુ ઑક્સીજન ઉત્સર્જન કરતાં વૃક્ષોનું વાવેતર કરવું અનિવાર્ય છે. આ માટે આપની સંસ્થા/કોલેજના વિદ્યાર્થીઓમાં પર્યાવરણની જાળવણીનું મહત્વ સમજાવી વધુ ઑક્સીજન ઉત્સર્જન કરતાં વૃક્ષો જેમ કે લીમડા, પીપળા, આંબો, ગુલમહોર અને ઔષધિય ગુણો ધરાવતા વૃક્ષોનું સંસ્થામાં તથા આસપાસના વિસ્તારમાં વાવેતર કરવાના કાર્યક્રમનું આયોજન કરવા વિનંતી. જે વૃક્ષોનું ત્યારબાદ પણ જતન તેમજ તેનો ઉછેર સારી રીતે થાય તેની કાળજી આપની કોલેજના એન.એસ.એસ. ગ્રૂપ દ્વારા લેવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ માટે આપના નજીકના રોપા ઉછેર કેન્દ્ર(નર્સરી)નો સંપર્ક કરવો તથા આપે સંસ્થા/કોલેજ ખાતે કેટલા વૃક્ષોનું વાવેતર કરેલ છે તે અંગેનો વિસ્તૃત અહેવાલ અને ફોટોગ્રાફ્સ ઇ-મેઈલ આઈડી. cs@sggu.ac.in તથા યુનિવર્સિટી એન.એસ.એસ. વિભાગને મોકલી આપવા વિનંતી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને/પી.જી ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

**Address:** At.: Vinzol, Post: Kankanpur, Taluka: Godhra, District: Panchmahal, Gujarat-388713.
**Website: www.sggu.ac.in** **Phone No: 02672 255101**

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

મહેકમ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય


ક્રમાંક: ઉશિક/મકમ/વિશ્વ પર્યાવરણ દિન/૨૦૨૪/4487-5000 તા:03/૦૬/૨૦૨૪

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, રાજ્યની તમામ યુનિવર્સિટીઓ
- આચાર્યશ્રી, સરકારી કોલેજ,બિન–સરકારી અનુદાનિત કોલેજ, અનુદાનિત ગ્રામ વિદ્યાપીઠ
- નિયામકશ્રી, અનુદાનિત સંશોધન સંસ્થાઓ તમામ

વિષય: તા:૦૫/જુન/૨૦૨૪ ને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે તારીખ : ૫ જુન સમગ્ર વિશ્વમાં પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવે છે. પર્યાવરણના જતન માટે અને ધરતી ઉપર વધી રહેલ ગ્લોબલ વોર્મિંગની અસરને ટાળવા માટે પર્યાવરણને અનુકુળ અને વધુ ઓક્સિજન ઉત્સર્જન કરતા વૃક્ષોનું વાવેતર કરવું અનિવાર્ય છે.

આ માટે આપની સંસ્થાના વિદ્યાર્થીઓમાં પર્યાવરણની જાળવણીનું મહત્વ સમજાવી વધુ ઓક્સિજન ઉત્સર્જન કરતા વૃક્ષો જેમ કે લીમડા, પીપળા, આંબો, ગુલમોહર અને ઔષધિય ગુણો ધરાવતા વૃક્ષોનું સંસ્થામાં તથા આસપાસના વિસ્તારમાં વાવેતર કરવાના કાર્યક્રમનું આયોજન કરવાનું છે. આ વૃક્ષોનું ત્યારબાદ પણ કાળજી લેવાય તેમજ તેનો ઉછેર સારી રીતે થાય તેની કાળજી આપની કોલેજના એન.એસ.એસ. ગૃપ દ્વારા લેવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ માટે આપની નજીકની રોપા ઉછેર કેંદ્ર (નર્સરી)નો સંપર્ક કરવો. સંસ્થા ખાતે કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે તેની સંખ્યા અત્રેથી માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

( એ.આર.ઠક્કર )
સંયુક્ત કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

Scanned with OKEN Scanner